અપીલ અરજી નં.૧૯૦ તા.૨૩–૯–૦૮

અરજદારઃ શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈની તા.૧૦–૬–૦૮ ની અરજી થી ગેરકાયદેસર બાંધકામ અંગે આપવામાં આવેલ નોટીસ તથા અટકાવવામાં આવેલ બાંધકામ અંગે મિલ્કત નંબર, માલિકનું નામ વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૯૦/૨૦૦૮–૦૯

શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈની તા.૧૦–૬–૦૮ ની અરજી થી ગેરકાયદેસર બાંધકામ અંગે આપવામાં આવેલ નોટીસ તથા અટકાવવામાં આવેલ બાંધકામ અંગે મિલ્કત નંબર,માલિકનું નામ વિગેરે માહિતી આપવા બાબતે આપેલ માહિતીઓ અધુરી પુરી પાડેલ હોવાનું જણાવી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૫ તા.૬–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/આ.નં.૫૭૫૭ તા.૧૬–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં ગેરકાયદેસર બાંધકામ અંગે આપવામાં આવેલ નોટીસ તથા અટકાવવામાં આવેલ બાંધકામ અંગે મિલ્કત નંબર,માલિકનું નામ વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૪૪૪૭ તા.૨–૯–૦૮ થી માહિતી પૂરી પાડેલ જણાય છે. અરજદારની અપીલ અરજીના મુદ્દા નં.૧ માં જણાવ્યા મુજબ અરજીનો જવાબ ત્રણ મહીના બાદ આપવામાં આવેલ જે કાયદા અને નિયમ અનુસાર ૩૦ દિવસના સમય અવધિ બાદ વિલંબથી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ માં ગેરકાયદેસર બાંધકામ અંગે આપવામાં આવેલ નોટીસ તથા અટકાવવામાં આવેલ બાંધકામ અંગે મિલ્કત અંગે માલિકનું નામ ગેરકાયદેસર બાંધકામની વિગત તથા નોટીસ નંબર અને તારીખ જણાવવા વિનંતી કરેલ જે માહિતી આપવામાં આવેલ નથી એમ જણાવેલ. જયારે મુદ્દા નં.૩ માં ગેરકાયદેસર બાંધકામની નોટીસો પૈકીના કેટલા બાંધકામો તોડવામાં આવ્યા છે અને કેટલા રેગ્યુલર કરી બાંધકામની પરવાનગી આપવામાં આવી તેની માહિતી આપવામાં આવેલ છે. પરંતુ જે ગેરકાયદેસર બાંધકામ તોડયો નથી તેની મિલ્કતદીઠ કારણોની માહિતી આપવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ માહિતી પત્રની નકલ જોતાં મુદ્દા નં.૨ની સંપુર્ણ તેમજ મુદ્દા નં.૩ ની ગેરકાયદેસર બાંધકામ તોડયા નથી તેની મિલ્કતદીઠ કારણોની માહિતી આપેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૦–૬–૦૮ની અરજીથી માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૈકી મુદ્દા નં. ૨ અને ૩ ની નહીં પૂરી પાડેલ માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈને અનુસરી કલમ– ૭ (૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલના તબકકે ઉપસ્થિત કરેલ જવાબદારો સામે પગલા બાબતના મુળ માહિતીથી અલાયદા મુદ્દા અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલગ અરજીથી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન . ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશભાઈ જે. દેસાઈ